# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 13-04-2026** **Midday : 2.30 to 2.35pm**

**Day : MONDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **રીટા દવે** વાંચે છે.

---

(સમાચારને અંતે)

**આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા હતા. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.**

---------------------------------------------------------------------

**આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)**

**(હવે પછી આપ સાંજે સાત વાગીને દસ મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો.)**

**(CLOSING MUSIC)**

# PREZ MURMU STATE VISIT

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂ આજથી બે દિવસ રાજ્યનાં પ્રવાસે આવશે. તેઓ સાંજે અખિલ ભારતીય આયુર્વિજ્ઞાન સંસ્થા એટલે કે, એઇમ્સ રાજકોટના પહેલા પદવીદાન સમારોહમાં ઉપસ્થિત રહેશે. આ પ્રસંગે રાજકોટ એઇમ્સની પહેલી બેચના 50 જેટલા વિદ્યાર્થીઓને પદવી એનાયત કરાશે. આ કાર્યક્રમમાં અતિથિ વિશેષ તરીકે રાજ્યપાલ આચાર્ય દેવવ્રત તેમજ કેન્દ્રીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ રાજ્યમંત્રી અનુપ્રિયા પટેલ સહિતના અન્ય મહાનુભાવો ઉપસ્થિત રહેશે.

સુશ્રી મુર્મૂ આવતીકાલે બાબાસાહેબ ડૉક્ટર ભીમરાવ આંબેડકરની જન્મજયંતી નિમિત્તે ગાંધીનગરના લોકભવન ખાતે યોજાનારા “સામાજિક સમરસતા મહોત્સવ”માં ઉપસ્થિત રહેશે. ઉપરાંત રાષ્ટ્રપતિ ગાંધીનગરમાં રાષ્ટ્રીય રક્ષા યુનિવર્સિટીના પાંચ-મા પદવીદાન સમારોહમાં પણ ઉપસ્થિત રહેશે.

# LOCAL ELECTION FORM VERIFICATION

રાજ્યમાં આગામી 26 એપ્રિલે યોજાનારી સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાઓની સામાન્ય અને પેટા-ચૂંટણી માટેના ઉમેદવારીપત્રોની આજે ચકાસણી કરવામાં આવી રહી છે.

તાપીની વ્યારા નગરપાલિકામાં ઉમેદવારીપત્ર ચકાસણી દરમિયાન વોર્ડ નંબર એકના આમ આદમી પાર્ટીના ઉમેદવાર દિનેશ ઢોડિયા, વોર્ડ નંબર ત્રણમાં કૉંગ્રેસના રાજુ ઢોડિયા, વૉર્ડ નંબર છ-માં કૉંગ્રેસનાં સરલા ઢોડિયા, વ્યારા પાલિકાના વૉર્ડ નંબર સાત-માં કૉંગ્રેસના ફતેસિંગ વસાવા અને ભરત પંચાલને મળી કુલ પાંચ ઉમેદવારના ઉમેદવારીપત્ર અમાન્ય રહ્યા છે.

જ્યારે વ્યારા નગરપાલિકાના સાત વૉર્ડની 28 બેઠક માટે ભાજપના 28, કૉંગ્રેસના 17, આમ આદમી પાર્ટીના નવ અને અપક્ષમાંથી 2 ઉમેદવારના ઉમેદવારીપત્ર માન્ય રહ્યા છે. હવે આ બુધવારે 15 એપ્રિલે ઉમેદવારીપત્ર ખેંચવાના છેલ્લા દિવસે કેટલા ઉમેદવાર મેદાનમાં રહેશે તેનું ચિત્ર વધુ સ્પષ્ટ થશે.

સુરતમાં ચૂંટણી પહેલા વૉર્ડ નંર 12-માં કૉંગ્રેસના ઉમેદવાર ભૂપેન્દ્ર પટેલનું ઉમેદવારીપત્ર રદ થતાં કૉંગ્રેસની પેનલ ખંડિત થઈ છે. ડમી ઉમેદવાર પણ હોવાથી હવે કૉંગ્રેસ માત્ર ત્રણ ઉમેદવાર સાથે જ ચૂંટણી મેદાનમાં રહેશે, તેમ અમારાં પ્રતિનિધિ લોપા દરબાર જણાવે છે.

તો, મહીસાગરમાં પણ આજે ઉમેદવારીપત્રોની ચકાસણી કરવામાં આવી

(VOICECAST: KAUSHIK JOSHI)

મોરબીમાં ચૂંટણી માટે 939 જેટલા ઉમેદવારોએ ભરેલા ઉમેદવારીપત્રોની ચકાસણી હાથ ધરાઈ. અમારા પ્રતિનિધિ રવિ મોટવાણી જણાવે છે, મહાનગરપાલિકાની 52 બેઠક માટે 204, વાંકાનેર નગરપાલિકાની 28 બેઠક માટે 63, ટંકારા નગરપાલિકાની 24 બેઠક માટે 103, ટંકારા તાલુકા પંચાયતની 16 બેઠક માટે 65, હળવદ તાલુકા પંચાયતની 20 બેઠક માટે 88, મોરબી જિલ્લા પંચાયતની 24 બેઠક માટે 117 ઉમેદવારીપત્ર ભરાયા છે. આ ફોર્મની ચકાસણી શરૂ કરવામાં આવી

પંચમહાલની ગોધરા અને શહેરા નગરપાલિકામાં ઉમેદવારીપત્ર ભરવાની પ્રક્રિયા પૂર્ણ થઈ છે. ગોધરા નગરપાલિકાના 11 વૉર્ડ માટે કુલ 186 ઉમેદવારીપત્ર ભરાયા. જ્યારે 124 ઉમેદવારીપત્ર છેલ્લા દિવસે નોંધાયા. તો, વૉર્ડ નંબર નવ-માં સૌથી વધુ 32 ઉમેદવારીપત્ર ભરાયા, જ્યારે વૉર્ડ ત્રણ અને આઠમાં સૌથી ઓછા નવ-નવ ઉમેદવારીપત્ર નોંધાયા છે. અગાઉ ત્રણ બેઠક પર ભાજપના ઉમેદવાર બિનહરીફ જાહેર થયા છે.

બીજી તરફ, શહેરા નગરપાલિકામાં 28 બેઠક માટે ભાજપના 61 સહિત કુલ 79 ઉમેદવારીપત્ર ભરાયા છે.

છોટાઉદેપુરમાં રાજકીય ઉથલપાથલ વચ્ચે કૉંગ્રેસના 30 જેટલા કાર્યકર્તાઓ ભાજપમાં જોડાયા છે. વસંત રોહિતે તેજગઢ જિલ્લા પંચાયત પર કૉંગ્રેસ તરફથી ઉમેદવારી નોંધાવી હતી, પરંતુ મૅન્ડેટ ન મળતાં આજે ઉમેદવારીપત્રની ચકાસણીમાં ઉમેદવારીપત્ર રદ થયું હતું.

# REV. SPECIAL HOLIDAY – POLLING DAY

રાજ્યમાં આગામી 26 એપ્રિલે યોજાનારી સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાઓની ચૂંટણીના દિવસે શ્રમયોગીઓને ખાસ રજા આપવા શ્રમ નિયામકની કચેરીએ સત્તાવાર આદેશ જાહેર કર્યો છે. શ્રમયોગીઓ પોતાના મતાધિકારનો ઉપયોગ કરી શકે તે માટે તેમને સવેતન રજા આપવા સૂચના અપાઈ છે. અને આખો દિવસ રજા આપવી શક્ય ન હોય, તો તેવા કિસ્સામાં શ્રમયોગીઓને મતદાન માટે વિશેષ 3 કલાકની સવેતન છૂટ આપવાની રહેશે. આ સૂચનાઓનો ભંગ કરનાર ઔદ્યોગિક એકમો કે માલિકો સામે કાયદેસરની કાર્યવાહી થઈ શકે છે, તેમ સત્તાવાર યાદીમાં જણાવાયું છે.

# SNR ACCIDENT DEATH

સુરેન્દ્રનગરના લખતર રોડ પર ગંભીર અકસ્માતમાં સાત લોકોના મોત થયાના અહેવાલ છે. અમારા પ્રતિનિધિ દિનેશ પરમાર જણાવે છે, છારદ ગામ પાસે રાજકોટના ગઢકા ગામથી મેરા ગામ તરફ જતા માલધારી સમાજના પદયાત્રીઓના સંઘને એક ટ્રકચાલકે અડફેટે લેતા છ યાત્રાળુ અને અન્ય એક વ્યક્તિ સહિત સાત લોકોના મોત થયા હતા. જ્યારે ઈજાગ્રસ્તોને લખતરની હૉસ્પિટલ ખસેડાયા હતા. આ અંગે ઇન્ચાર્જ જિલ્લા પોલીસ વડાં વૈદિકા બિહાનીએ વધુ માહિતી આપી.

**(BYTE: VAIDIKA BIHANI, INCHARGE SP)**

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂ અને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ પણ સુરેન્દ્રનગરમા સર્જાયેલા અકસ્માત અંગે શોક વ્યક્ત કર્યો છે. સોશિયલ મીડિયા સંદેશમાં રાષ્ટ્રપતિ અને પ્રધાનમંત્રીએ આ દુર્ઘટના અંગે દુઃખ વ્યક્ત કરતાં ઈજાગ્રસ્તો ઝડપથી સાજા થાય તેવી પ્રાર્થના કરી.